જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૬/૨/૨૦૧૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૫૮/૧૫

## "સેકટર.૨ સ્કોર્ડે નકલી પોલીસ બની ચોરી/લુંટ કરનાર એક ઇસમની ધરપકડ કરી નરોડા તથા સુરત કોસંબા પોલીસ સ્ટેશન મળી કુલ્લે છ થી વધુ ગુનાનો ભેદ ઉકેલ્યો"

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી મનોજ શશીધર સેકટર.૨ અ'વાદ શહેર નાઓ તરફથી સુચના મળેલ કે, શહેરમાં મિલકત સબંધી ગુનાઓ વધવા પામેલ છે જેથી ચોર મુદ્દામાલનુ પગેરુ શોધી કાયદેસર કાર્યવાહી કરવી જે અનુસંધાને સ્કોડના પોસઇ એચ.વી.સીસારા તથા હેકો બળવંતભાઇ, હેકો ગોપાલસિંહ, હેકો જ્યેન્દ્રસિંહ, હેકો રાજેશકુમાર તથા પોકો પ્રવીણસિંહ એ રીતેના સેકટર.૨ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુત્તર ના કારખાના પાસેથી પ્રકાશ ઉર્ફે જયદીપ પ્રભુભાઇ દેસાણી ઉવ.૨૩ રહે.બાજરડા ગામ, ઢોલીયાવાળા, ઠાકારની જગ્યા, તા.લીંબડી, જિ.સુરેન્દ્રનગર નાનો ત્રણ મોબાઇલ ફોન તથા રોકડ નાણાં રૂ.૯૦૦૦/- તથા સોનાની ચેઇન મળી કુલ્લે કિ.રૂ.૩૭,૦૦૦/- સાથે આજરોજ તા.૬.૨.૨૦૧૫ ના રોજ ધરપકડ કરી મુદ્દામાલ કબ્જે કરી કાયેદસર કાર્યવાહી કરી કરેલ છે.

ઉપરોકત પકડાયેલ ઇસમે અગાઉ એકલી રહેતી મહિલાઓને ટાર્ગેટ કરી નકલી પોલીસ બની તેઓના ઘરે ચેકીંગ કરવાના બહાને જઇ કિંમતી ચીજ વસ્તુઓ તથા સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની પડાવી લેવાના ગુનાઓ આચરેલ છે જેમાં અમદાવાદમાં નરોડા તથા ચાંદખેડા વિસ્તારમાં તથા ભરુચ, સુરત કોસંબા, વિગેરે જગ્યાઓએ આ રીતે ગુનાઓ આચરેલ છે આ ઉપરાંત નકલી પોલીસના બની હાઇવે ઉપર ચેકીંગના બહાને ટ્રકો ઉભી રખાવી ડ્રાઇવર પાસેથી એનકેન પ્રકારે પૈસા પડાવી લેવાની મોડેસ ઓપરેટીંસ પણ ધરાવે છે જેમાં તેણે અમદાવાદ સરખેજ હાઇવે તથા સુરત કોસંબા હાઇવે ઉપર તથા ભાવનગર, સુરેન્દ્રનગર ખાતે આ રીતે અસંખ્ય ગુનાઓ આચરેલ હોવાની કબુલાત કરેલ છે સદરીએ આચરેલ ગુનાઓ પૈકી અમદાવાદ નરોડા પોલીસ સ્ટેશન તથા સુરતના કોસંબા પોલીસ સ્ટેશનમાં હાલ વોન્ટેડ છે.

પકડાયેલ ઇસમ અગાઉ ક્રાઇમ બ્રાન્ચમાં પણ લુંટ, અપહરણ, ચોરી અને નકલી પોલીસના પાંચથી વધુ ગુનાઓમાં તથા સોલા, બાપુનગર, કાગડાપીઠ, રામોલ અને ઓઢવ પોલીસ સ્ટેશનમાં પણ પકડાયેલ છે.પકડાયેલ ઇસમના વાલીઓ બાજરડા ગામના ઢોલીયાવાળા ઠાકરના મંદીરના મહંત તરીકે પુજા કરે છે.

આમ સેકટર.૨ સ્કોર્ડે નકલી પોલીસ બની ચોરી/લુંટ કરતાં એક ઇસમની તા.૬.૨.૨૦૧૫ ધરપકડ કરી કુલ્લે કિ.રૂ.૩૭,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરી છ થી વધુ ગુનાનો ભેદ ઉકલી આરોપીનો કબ્જો નરોડા પોલીસ સ્ટેશન સોંપલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.